# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'

Website: www.spuvvn.edu

Fax: (02692) 230309, 226804


## પરીપત્ર

## રેગ્યુલર સ્નાતક(UG) અને અનુસ્નાતક(PG) અભ્યાસક્રમો માટેની પ્રવેશ પ્રક્રિયા માટેનું કોમન શિડ્યુલ

## (B.Ed., M.Ed., LL.B., LL.M. વગેરે સહિત)

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની સ્નાતક, પી.જી. ડિપ્લોમા અને અનુસ્નાતક અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબની તારીખો દરમ્યાન થશે. જેના માટે વિદ્યાર્થીઓએ GCAS https://gcas.gujgov.edu.in/ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઇન ફોર્મ ભરી નિયત કરેલ વેરિફિકેશન સેન્ટર ખાતે વેરિફિકેશન કરાવવાનું રહેશે.

| પ્રવેશનો તબક્કો | તારીખ | અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|
| કન્ફર્મ પ્રવેશ કેન્સલ,<br><br>રજીસ્ટ્રેશન રાઉન્ડ - અન. અગાઉના તબકકામાં સબમિટ કરેલ અરજીની વિગતમાં સુધારણા માટે | ૧૧/૧૦/૨૦૨૫ થી ૧૨/૧૦/૨૦૨૫ | **પ્રવેશ કેન્સલ કરાવવા માટે :**<br>૧. GCAS પોર્ટલ પર લૉગ-ઇન કરવું.<br>૨. ડેશબોર્ડ પરના "Admission Confirmation Details" સેકશનમાં દર્શાવેલ ટેબલમાં "Cancel Admission" બટન પર કિલક કરો.<br>૩. મોબાઇલ પર આવેલ એલર્ટ મેસેજ કન્ફર્મ કરો, OTP દાખલ કરો અને એડમિશન રદ કરો.<br>**રજીસ્ટ્રેશન માટે :**<br>૧. કિવક રજીસ્ટ્રેશન કરી રજીસ્ટેશન ફી, પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>૨. ઓનલાઇન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી.<br>જે વિદ્યાર્થીઓએ અગાઉના પ્રવેશના તબકકાઓમાં પ્રવેશ માટે અરજી કરી હશે અને તેમણે કયાંય પ્રવેશ કન્ફર્મ કરાવેલ નહીં હોય કે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરાવેલ હશે તેઓ આ સમયગાળામાં તેમની અરજીમાં સુધારો કે ચોઇસ બદલી શકશે.<br>**નોંધ: અરજીમાં સુધારો કરનાર વિદ્યાર્થીઓએ ક્રમ-૨ મુજબ લાગુ પડતાં કિસ્સામાં તેમની અરજી વેરીફાઇ કરાવવાની રહેશે.** |
| વેરીફીકેશન રાઉન્ડ (રજીસ્ટ્રેશનને સમાંતર) | ૧૧/૧૦/૨૦૨૫ થી ૧૩/૧૦/૨૦૨૫ | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઇન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન નજીકના વેરીફીકેશન સેન્ટર પર કરાવવું. |
| ટેકનીકલ પ્રોસેસ | ૧૪/૧૦/૨૦૨૫ | --- |
| કોમન પ્રવેશ રાઉન્ડ-૧ | ૧૫/૧૦/૨૦૨૫ | ૧. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઇન કરી સંબંધિત યુનિવર્સિટી-કોલેજ/વિભાગ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>૨. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ/વિભાગ-પ્રોગ્રામ મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTP થી કન્ફર્મ કરવી.<br>૩. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ/વિભાગ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવું.<br>૪. કોલેજ/વિભાગ ખાતે નિયમોનુસાર ફી ભરવી અને OTP થી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| ટેકનીકલ પ્રોસેસ | ૧૫/૧૦/૨૦૨૫ | --- |
| કોમન પ્રવેશ રાઉન્ડ-૨ | ૧૬/૧૦/૨૦૨૫ | કોમન પ્રવેશ રાઉન્ડ-૧ મુજબના ક્રમ નં. ૧ થી ૪ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. |

નં.ડી/ઇ/૧૦/6129
વલ્લભ વિદ્યાનગર
તારીખ: 10/10/25

કુલસચિવ

ચાલુ...




Scanned with OKEN Scanner

નોંધ : ૧) જે વિદ્યાર્થીઓ તેમના કન્ફર્મ થયેલા પ્રવેશ રદ કરવા માંગે છે તેમણે ૧૧/૧૦/૨૦૨૫ થી ૧૨/૧૦/૨૦૨૫ દરમ્યાન પ્રવેશ રદ કરાવવાનો રહેશે. ત્યારબાદ, આ તબક્કો પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ પ્રવેશ રદ કરાવી શકશે નહીં.

૨) પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે તેમણે તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ ખાતે જમા કરાવેલ ફી રીફંડની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી-કોલેજના નિયમાનુસાર કરવાની રહેશે.

૩) જે વિદ્યાર્થીઓ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં તથા આ તબક્કામાં યુનિવર્સિટી-કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરાવેલ છે તેઓ પ્રવેશના આ તબક્કામાં તેમની અગાઉની અરજીના આધારે ભાગ લઈ શકશે.

૪) જે વિદ્યાર્થીઓએ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં ઓનલાઇન અરજી સબમિટ કરી છે પરંતુ વેરીફાઇ (લાગુ પડતા કિસ્સામાં) કરાવી નથી કે વેરીફાઇ કરાવવાની રહી ગઈ છે તે વિદ્યાર્થીઓ ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ તારીખો દરમ્યાન તેમની ઓનલાઇન અરજી વેરીફાઇ કરાવી શકશે.

૫) વિદ્યાર્થીઓ ખાલી બેઠકોની માહિતી માટે GCAS પોર્ટલ પરથી મેળવી શકે છે. ઓનલાઇન અરજીમાં ચોઇસ કરતા પહેલા વિદ્યાર્થીએ તેમની પસંદગીના યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયમાં બેઠકોની ઉપલબ્ધતાની પુષ્ટિ કર્યા બાદ જ ચોઇસ કરવી.

૬) પ્રવેશના અંતિમ તબક્કા દરમ્યાન એકવાર પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ પ્રવેશ રદ કરાવી શકશે નહિ.

૭) જે વિદ્યાર્થીઓની ધોરણ-૧૨ની શૈક્ષણિક માહિતી ઓટો-ફેચ ના થાય તેમણે તેમની ધોરણ-૧૨ની માર્કશીટ ફરજીયાત અપલોડ કરવાની રહેશે. માર્કશીટ મહત્તમ ૨૦૦ KB સાઇઝની pdf/jpg ફોર્મેટમાં અપલોડ કરવાની રહેશે. એક કરતાં વધુ માર્કશીટના કિસ્સામાં વિદ્યાર્થીએ તમામ માર્કશીટ્સ એક જ ફાઇલમાં મર્જ કરીને અપલોડ કરવાની રહેશે.

૮) ખાસ સૂચન કરવામાં આવે છે કે, વેરિફિકેશન કરતી કોલેજો માટે ***"Send Back for Edit"***ની સુવિધા તા. ૧૩/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૩.૦૦ કલાક સુધી જ રહેશે. આવા વિદ્યાર્થીઓએ ***"Send Back for Edit"*** થયેલ અરજીને તા. ૧૩/૧૦/૨૦૨૫ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં સુધારીને સબમિટ કરી વેરીફાઇ કરાવી લેવાની રહેશે.

૯) વિદ્યાર્થીને સંબંધિત કોલેજ-યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રવેશના ઓફરની સમયાવધિ સંબંધિત કોલેજ-યુનિવર્સિટીન કામકાજના કલાકો કે સાંજે ૪.૦૦ કલાક (બે માંથી જે વહેલું હોઇ) સુધીની રેહેશે.

નકલ રવાનાઃ

(૧) મેમ્બર સેક્રેટરી, GCAS સેલ, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ કેમ્પસ, પી.આર.એલ. સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૨) સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યો તરફ જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂં

(૩) સ્નાતક અભ્યાસક્રમના યુનિવર્સિટી વિભાગના વડાશ્રીઓ તરફ

(૪) યુનિવર્સિટીની સર્વે ઓટોનોમસ કોલેજ તરફ

(૫) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.



Scanned with OKEN Scanner